**ચણતર કામમાં વાપરવાના થતાં**
**હેડર સ્ટોન પર માર્કીંગ કરવા બાબત**

**ગુજરાત સરકાર**
નર્મદા, જળ સંપત્તિ, પા.પુ. અને કલ્પસર વિભાગ
ક્રમાંક:પરચ-૨૦૧૨-આઇબી-૬૮(૧૧)-ગુ,નિ
તા. ૨૯ -૦૨-૨૦૧૨

**પરિપત્ર :**

વિભાગ હેઠળ ચાલતાં ચણતર બંધના કામોમાં, કરારખતના સ્પેશીફીકેશનની જોગવાઇ (Para: : Header Stones shall have star mark for easy identification--) મુજબ; ચણતર કામમાં વાપરવાના થતાં હેડર સ્ટોનની સરળતાથી ઓળખાણ થઇ શકે તે માટે ચણતર કામમાં તેની બહારની ફેઇસ ઉપર માર્કીંગ કરાવવાનું થાય છે. અત્રે એવું ધ્યાને આવેલ છે કે એક કિસ્સામાં ચણતર કામમાં વપરાયેલ હેડર સ્ટોનની બહારની ફેઇસ ઉપર ચુનાથી " H " કરાવેલ હતું, જે માર્કીંગ ઓપન ટુ સ્કાય હોવાથી અને સમય પસાર થતાં વાતાવરણની અસરને કારણે અને ચોમાસા પસાર થવાને કારણે ધોવાઇ ગયેલ હતું. આમ, કરારખતની સ્પેશીફીકેશનની જોગવાઇ મુજબ હેડર સ્ટોનની ફેઇસ ઉપર માર્કીંગ કરવાનો ખરેખર હેતુ સિધ્ધ થયેલ ન હતો.

આથી કરારખતની જોગવાઇ મુજબ ચણતર કામમાં વાપરવાના થતાં હેડર સ્ટોનની સરળતાથી ઓળખાણ થઇ શકે તે માટે તેની બહારની ફેઇસ ઉપર પર ચુના/કાચા કલરથી માર્કીંગ ન કરાવતાં હવે પછી પાકા કલરથી જ હેડર સ્ટોનની બહારની ફેઇસ ઉપર " H " માર્કીંગ કરાવવાનું આથી આજ્ઞાનુસાર પરિપત્રિત કરવામાં છે. સદર બાબત અંગે ક્ષેત્રિય અધિકારીઓએ કાળજી રાખી ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

**( એ. પી. ભાવસાર )**
**મુખ્ય ઇજનેર (ગુ.નિ.) અને અધિક સચિવ.**

**પ્રતિ,**

- સચિવશ્રી,(જ.સં.)ના અંગત મદદનીશ, ન.જ.સ.પા.પુ. અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ખાસ સચિવશ્રી,(જ.સં.) ન.જ.સ.પા.પુ.અને કલ્પસર વિભાગ, સચિવાલય ગાંધીનગર
- સર્વે મુખ્ય ઇજનેરશ્રી અને અધિક સચિવશ્રી, ન.જ.સં.,પા.પુ. અને ક. વિભાગ.
- અધિક્ષક ઇજનેરશ્રી(સર્વે) તરફ જાણ સારૂ તથા તેઓના વર્તુળ હસ્તકના કા.ઇ.શ્રીઓને સુચના પરિપત્રિત કરવા સારૂ.
- સંયુકત સચિવશ્રી (તપાસ), ન.જ.સં.,પા.પુ. અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ગુણવત્તા નિયમન શાખા
- પરિપત્ર ફાઇલ.